(5)

Name : Parikh Bansari Pareshbhai

Std : 10th

Sub : Gujarati

School : St. Xavier's School

1st

---

# ટકાઉ ભવિષ્ય તરફ શાળાઓનું યોગદાન

આજના સમયમાં આપણા દેશે વિજ્ઞાનક્ષેત્રે ખૂબ જ વિકાસ કર્યો છે. આજે વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા માનવી બધું જ કરી શકે છે. તેથી એવું કહેવું ખોટું નથી કે, "આજે દુનિયા માનવીની આંગળીના ટેરવે છે."

વિજ્ઞાનક્ષેત્રે આગળ વધવા માટે શિક્ષકો અને શાળાઓનું પ્રોત્સાહન ખૂબ જ જરૂરી છે. દરેક બાળકમાં કંઇક ને કંઇક કરવાની ક્ષમતા હોય છે. બાળકો જ દેશનું ભવિષ્ય છે. ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ ખૂબ જ જરૂરી છે. આજના સમયમાં જે દેશ વિજ્ઞાનક્ષેત્રે આગળ છે તે જ મહાસત્તા ધરાવે છે. શાળાઓએ બાળકોની આંતરિક

ક્ષમતા બહાર આવે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવા જોઈએ. શાળા તરફથી બાળકોને પ્રવાસ માટે વિવિધ ઇન્સ્ટિટ્યૂટ કે લેબોરેટરી જેવા લઇ જવા જોઈએ. જે બાળકોમાં રૂચિ વધારે છે. શાળાઓ બાળકો માટે વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમ યોજે છે, જેમાં બાળકો પ્રત્યક્ષ રીતે પોતાના નવા-નવા વિચારો રજૂ કરી શકે છે. બાળકોને વિવિધ વૈજ્ઞાનિકો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે તો તે અવકાશ સુધી પહોંચી શકે છે. ટકાઉ ભવિષ્ય માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ખૂબ જ મહેનત કરી વિજ્ઞાનક્ષેત્રે આગળ વધવું જોઈએ. તેથી જ કહેવાયું છે,

"વિકાસ એ સમયનું પરિણામ નથી,
તે માનવીના પરિશ્રમનું પરિણામ છે."

શાળાઓ બાળકોને વિજ્ઞાનક્ષેત્રે તૈયાર કરી ભવિષ્યમાં વિવિધ વૈજ્ઞાનિકો આપે છે. શાળાઓમાં વિવિધ પ્રયોગો કરાવીને બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવું જોઈએ. દેશમાં વિવિધ મોટાં ઇન્સ્ટિટ્યૂટ ઘણાંબધાં વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજે છે, તેમાં બાળકોને ભાગ લેવા શાળા અને શિક્ષકો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. બાળકો નવી-નવી શોધો કરીને

દેશને ઉજ્જવળ બનાવી ટકાઉ વિકાસ સાધી
શકે છે. શાળાઓમાં બાળકો માટે વિવિધ
પરીક્ષાઓ પણ યોજાય છે, જેના દ્વારા બાળકોનું
જ્ઞાન વધે. ટકાઉ વિકાસ માટે વિજ્ઞાનક્ષેત્રે
પ્રગતિ કરવી જરૂરી છે. શાળાઓ દ્વારા અપાતા
ઉચ્ચ શિક્ષણથી બાળકોની આંતરિક ક્ષમતા
વધે છે અને ભવિષ્યમાં દેશને સફળ
વૈજ્ઞાનિકો મળે છે. તેથી જ કહેવાયું છે કે,

"બાળકોને ભણાવો,
દેશને ઉજ્જવળ બનાવો."

આજે દેશે વિજ્ઞાનક્ષેત્રે એટલી
બધી પ્રગતિ કરી છે કે માનવી ક્યાંય પાછો
પડતો નથી. તેમાં ક્યાંક ને ક્યાંક શાળાઓ
અને શિક્ષકોનો ખૂબ મોટો ફાળો છે. શિક્ષકો
દ્વારા વિવિધ વૈજ્ઞાનિકો તૈયાર થાય છે. આજે
બધું જ વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા ચાલે
છે. રોબોટ, ટી.વી., મોબાઇલ વગેરે વડે આપણું
જીવન સરળ બની ગયું છે. શાળાઓ અને
શિક્ષકો બાળકોને ઉચ્ચ જ્ઞાન આપીને દેશનો
પ્રગતિ અને વિકાસ સાધી શકે છે. બાળકો
આગળ જઇને દેશ માટે કંઇક કરી લેવું જ
દરેક શિક્ષક અને શાળા ઇચ્છતી હોય છે.
વિવિધ વૈજ્ઞાનિકો જેવા કે ડૉ. અબ્દુલ

કલામ, વિક્રમ સારાભાઈ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન,
વી. પી. મેનન વગેરેએ દેશના વિકાસમાં
ખૂબ મોટો ફાળો આપ્યો છે. આ ઉપરાંત,
તેમના નામ પર વિવિધ શાળાઓ અને
ઈન્સ્ટિટ્યૂટો પણ બનાવવામાં આવ્યાં છે.
જેથી તેઓ બાળકોને વિજ્ઞાન વિશે ઉચ્ચ
જ્ઞાન આપી શકે અને વિવિધ વૈજ્ઞાનિકો
તૈયાર કરી શકે. વિજ્ઞાનની વિવિધ શોધો
દ્વારા માનવી અવકાશ સુધી પહોંચી ગયો છે.
ટકાઉ વિકાસ માટે વિજ્ઞાનક્ષેત્રે આગળ
વધવું જરૂરી છે. શાળાઓ વિવિધ વૈજ્ઞાનિકો
તૈયાર કરી દેશના વિકાસમાં મોટો ફાળો
આપી રહી છે. અંતે એટલું જ કહીશ કે,

"ભણશે ભારત,
ત્યારે જ આગળ વધશે ભારત."